# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

સમીક્ષકો મોકલી માત્ર આશાનાં ફૂલ જ છાંટે છે,
ટિકીટ તો આજ્ઞાંકિત, મૌન-રોબોટને જ બાંટે છે
ચાટો ધૂળ, ભીડ ભેગી કર્યા કરો તમે કાર્યકરો!!
કામ જોવાતું નથી, ટિકીટ તો કૂબેરોની જ ફાટે છે
(-"ટિકીટની ચિંતા તમારી નથી.")

**હાઈકુ**

સત્તા નશામાં,
બોલે છે એલફેલ -
લપસે લૂલી..
(બેફામ - નિવેદનો)

પ્હેરશે આજે,
રોતલ નિષ્ફળતા -
હસતાં મ્હોરાં..
(કેબીનેટ - ફેરબદલ!!)

## ચિંતન

**નોચ્છિષ્ટં કસ્યચિત્ત દધાત ન અધાએવં તથાન્તરા ।**
**ન ચૈવાત્યશનં કુર્યાન્ન ચોચ્છિષ્ટં કવચિત વ્રજેત ॥**

આ શ્લોકમાં 'ભોજન' માટેની 'મેનર્સ' રીતભાત સમજાવવામાં આવી છે :

'ભોજન કર્યા પછી કોઇએ 'છાંટણ' મૂકવું નહીં. (પોતાની ખાવાની શક્તિથી વધારે લીધેલાં પ્રમાણને થાળીમાં બાકી રાખી અનાજનો બગાડ કરવો એટલે - છાંટણ) બે ભોજન- સવાર-સાંજ વચ્ચે ત્રીજીવાર ખાવું નહીં. વળી, ભૂખ અને પાચનશક્તિથી વિશેષ પેટમાં ઠાંસ ઠાંસ કરી પેટ ભરવું નહીં, અને ભોજન છોડીને વચ્ચેથી ઉઠી જવું નહીં.'

અનાજ કિંમતી છે આપણે ઘેર તો ખૂબ સાચવીને રસોઇ બનાવીએ છીએ અને જરૂર પૂરતું જ થાળીમાં લઇએ છીએ પણ નાતવશે કે ભોજન પાર્ટીમાં - બૂફેમાં ખાવા - પીવાની મર્યાદા છોડી અજાણી-નવી-ન ભાવતી વસ્તુ-વાનગી લઇ પછી અનાજનો બગાડ કરીએ છીએ.

ઘણાં લોકોને ભૂખ ન હોય તો પણ નાસ્તા ખાવાનું જોઇ પેટમાં 'નાખ-નાખ' ની વૃત્તિ હોય છે. આ બિમાર પડવાનો ઉપાય છે, પેટને અને પાચનશક્તિને પૂછીને જ ખાવું જોઇએ.

આપણા શાસ્ત્રોએ પણ ખાવા-પીવાના વિધિ-વિધાન કહ્યાં જ છે, આયુર્વેદમાં પણ કંઇ વાનગી કયારે ખાવી - ન ખાવી કઇ વસ્તુ કોની સાથે ન ખાવી એ બધા નિયમો છે પણ હવે 'પ્રિઝર્વ'ની સવલતને કારણે બારેમાસ ભક્ષ્યાભક્ષ્ય ખાવાનું ચાલુ જ હોય છે.

ભોજન પણ એક પ્રકારનું ક્રિયાકાંડ છે તેનાં વિધિવિધાન જાણી લેવા ખૂબ જ જરૂરી મહત્વનાં છે.

## સુવિચાર

- આપણો સમાજ હંમેશાં 'લાલસા'ને મહત્ત્વાકાંક્ષાનું મ્હોરૂં પહેરાવી દે છે - **આલ્બેર કામુ**
- અસફળતા હંમેશાં પોતાના ખોળામાં સફળતાના ફૂલ લઇને જ આવતી હોય છે - **મિલ્ટન**
- જોખમ સામે દુર્લક્ષ સેવી તેનો સામનો કરવા આંધળુકિયું કરી કૂદી પડવું એ હિંમત નથી, પરંતુ જોખમને ઓળખી તેનો આયોજનપૂર્વક સામનો કરવો એ હિંમત છે - **રિફ્ટર**
- જ્ઞાનનો ઉપયોગ સામેની વ્યક્તિને બોલતો બંધ કરવા માટે નહિં પણ તેના હૃદયનાં દ્વાર ઉઘાડવા માટે કરો - **મૂરે**
- કાં તમે હાથીવાળા સાથે મૈત્રી ન કરો, અથવા તો તેનો હાથી સમાઇ શકે એવું તમારું મકાન બનાવો - **શેખ સાદી**
- એક દ્વાર બંધ થાય એટલે ઇશ્વર બીજું દ્વાર ખોલી જ આપે છે, પણ હતાશામાં આપણે એવા અંધ થઇ જઇએ છીએ કે નવાં ઉઘડેલાં ઘર તરફ આપણું લક્ષ જતું જ નથી - **હેલન કેલર**

## બોધ કથા

જીવનમાં આગળ આવવું હોય તો વિદ્યાર્થી-યુવાનમાં દૃઢ મનોબળ અને સંકલ્પ શક્તિ હોવાનું આવશ્યક છે. 'સમય સાચવવો' અને 'નિયમિતતા' માટે કોઇ જ બાંધછોડ ન કરાય..

અબ્દુલ કલામ આઝાદ એકવાર બીજાના કોઇ કારણસર શાળામાં મોડા પડ્યા. શિક્ષકશ્રી ઇયા દુરાઇ સોલમને તેમને સોટી ફટકારી દીધી. પછી રિશેષના સમયમાં કલામે શિક્ષકને સાચું કારણ સમજાવ્યું. અને પોતાની નિર્દોષતા દર્શાવી.

શિક્ષકશ્રી સોલોમને તે કારણ તો સ્વીકાર્યું અને કહ્યું, જેમને હું સોટી મારૂં છું એ આગળ જતાં 'મહાન વ્યક્તિ' થાય છે. મારા શબ્દો યાદ રાખજે.

વર્ષો પસાર થઇ ગયા. કલામ મહાન વૈજ્ઞાનિક તો થયા અને ભારતનાં રાષ્ટ્રપતિ પણ થયાં.

એકવાર રાષ્ટ્રપતિ તરીકે શ્રી કલામને મદુરાઇ ખાતે કામરાજ યુનિવર્સિટીમાં પદવીદાન માટે જવાનું થયું. ત્યાં શિક્ષક ઇયાદુરાઇ સોલામનને શોધી કઢાવ્યા. ત્યારે ૮૦ વર્ષના હતા અને પાદરી તરીકે ફરજ બજાવતા હતા.

શ્રી કલામે તેમને પોતાની પાસે સ્ટેજ પર બેસાડ્યા, સમારંભ પછી તેમને વંદન કરી ઓળખ આપી અને તેમની સોટીનાં 'ચમત્કાર'નું સત્ય કહેલું.

ગુરૂની આંખ છલકાઇ, આવા કૃતઘ્ન શિષ્યને હૃદયથી ચાંપી દીધા. રાજ્યપાલ ડો. એલેકઝાંડર આવા ગુરૂ-શિષ્યનું અદ્‌ભુત મિલન જોઇ જ રહ્યાં.

# ભારતનું રાજકારણ : કોઇ તો ચાહિયે અફસોસ કરનેવાલા

**કોફી હાઉસ**
- ઉત્સવ પરમાર

પૂરે તીસ સાલ તક, શરદ જોશી લખે છે, કોંગ્રેસ હમારે દેશ પર તંબૂ કી તરહ બની રહી, ગુબ્બારેં કી તરફ ફૈલી રહી, હવા કી તરહ સનસનાતી રહી, બર્ફ સી જમી રહી! આજે પાંસઠ વર્ષ થઇ ચૂક્યા છે, શરદ જોશી હોત તો આજે પણ આ લેખ કદાચ રિપીટ કરત. તેઓ આગળ લખે છે, પૂરે તીસ સાલ તક દેશને યહ સમજને કી કોશિશ કી કિ કોંગ્રેસ કયા હૈ! ખુદ કોંગ્રેસી યહ નહીં સમજ પાયા કી તરફ નેતિ - નેતિ કે તરીકે સે સમજા. જો દાયે નહીં હૈ, વહ કોંગ્રેસ છે, બાયેં નદી હૈ વહ કોંગ્રેસ હૈ, જો મધ્ય મેં ભી નહીં હૈ વહ કોંગ્રેસ હૈ, જો મધ્ય સે બાયેં હૈ વહ કોંગ્રેસ હૈ, મનુષ્ય જિતને રૂપોં મેં મિલતા હૈ, કોન્ગ્રેસ ઉસમે જ્યાદા રૂપો મેં મિલતી હૈ, કોંગ્રેસ સર્વત્ર હૈ - હર કુર્સી પર હૈ - હર સિધ્ધાંત કોંગ્રેસ કા સિધ્ધાંત હૈ - ઔર સિધ્ધાંત કે ખિલાફ જો સિધ્ધાંત છે - યહ ભી કોંગ્રેસ કા સિધ્ધાંત હૈ.

લેખ કદાચ ૧૯૭૭માં લખાયો - આજે ૨૦૧૨ છે. ચર્ચાનાં કેન્દ્રમાં કોંગ્રેસ નથી - પણ સત્તાપક્ષ છે. પ્રજાનો વિપક્ષ કયો? લગભગ અંગ્રેજોનાં સમયથી સત્તા પક્ષને પ્રજાના વિપક્ષ બનવાની આદત પડી ગઇ છે - જૂની આદત છે, ધીમે ધીમે છૂટી જશે. રાજનીતિ અને રાજકારણમાં ફરક છે - આઝાદીની લડતે ભારતમાં મજબૂત છાતીમાં રાજનેતા પેદા કર્યાં અને ત્યારબાદ સુંવાળી છાતીના - રૂંવાળીદાર - મુલાયમ સાઉથ ઇન્ડિયન ફિલ્મોમાં વિલન જેવું વિચિત્ર હસતાં - કાર્ટૂનિસ્ટોને કેરિકેચર દોરવામાં મજા પડી જાય એવા રાજકારણીઓ પેદા થવા લાગ્યા. પ્રજાનાં અડધાં ટીપાં વીર્યમાંથી લોકશાહીનાં કૂખે જન્મેલી આ અલગ જ પ્રજાતિ છે - જે સરકારી ઓફિસોમાં, અધિગ્રહણ કરેલી જમીનો પર, વિવિધ - ત્રિવિધ મંત્રાલયોમાં, અલગ - અલગ નામ વાળી ખુરશીઓ પર પોતાની પ્રજાતિનો વંશવેલો આરામથી આગળ ધપાવી રહી છે... પણ હાલ રાજકીય હવામાન ખાતાની ચેતવણીઓનાં પગલે રાજકારણ અને લાગતા વળગતાં તંત્રોમાં હાઇ એલર્ટ છે - રાજકારણીઓને આગામી અચોક્કસ મુદ્દત સુધી પ્રજાની વચ્ચે ખુલ્લેઆમ આપવામાં આવી છે - અરવિંદ કેજરીવાલનું વાવાઝોડું ગમે ત્યાં અને ગમે ત્યારે ત્રાટકે એવી પૂર્ણ સંભાવના છે. સાવચેતીનાં પગલાં રૂપે આવતી નાડાંવાળી ધોતીઓ ઇલાસ્ટીકવાળી કરાવી નાખવી. અસ્તુ!

**એક ચક્રવ્યૂહમાં ફસાયું હોય એમ - એક ચકડોળમાં બેઠું હોય એમ - ભારત ફરી રહ્યું છે, આજે પણ નળમાં પાણીની, બલ્બની વીજળીની, ગામમાં રસ્તાની, ટ્રેનની ટિકીટોની વાતો ચુનાવી મુદ્દા છે**

વર્ષોથી પડી ચૂકેલી આદત બદલવી અઘરી તો છે - આઝાદી પહેલાં ગોરા અંગ્રેજો, અને આઝાદી બાદ કાળા અંગ્રેજોની કેટલીય પેઢીઓએ મહા મહેનતે ભ્રષ્ટાચારની આદત - બેઇમાનીની આદત પાડી છે. ભારતીયો ટેવાઇ ગયા છે ભારતીયો 'સાવ' આવા તો ન હતા જ. જોન મેલ્કમ નામનો એક બ્રિટીશ અધિકારી ૧૮૨૧માં નોંધે છે, 'હું કોઇ બીજી મહા ઉથલ-પાથલ અને નિરંકુશ શાસનમાં આવા સમયમાં આટલાં સદ્‌ગુણો અને ખૂબીઓ સાચવી રાખ્યા હોય, જે અહીંની અધિક્તમ પ્રજામાં જોવા મળે છે .' આજે ચિત્ર જુદ છે - સમય જુદો છે - આદતો જુદી છે.

ઇતિહાસ અને ભવિષ્યમાં પ્રશ્નાર્થો વચ્ચેથી વર્તમાન ભારત વારંવાર પસાર થઇ રહ્યું છે - એક ચક્રવ્યૂહમાં ફસાયું હોય એમ - એક ચકડોળમાં બેઠું હોય એમ - ભારત ફરી રહ્યું છે, આજે પણ નળમાં પાણીની, બલ્બની વીજળીની, ગામમાં રસ્તાની, ટ્રેનની ટિકીટોની વાતો ચુનાવી મુદ્દા છે - હોર્ડિંગ્સ લગાવવાનાં - જાહેરાતો છપાવવાનાં - વિકાસ અને પ્રગતિનાં કમ્પ્યુટરાઇઝ્ડ ગ્રાફ બતાવવાના - શોખ ન્યાય - અન્યાય - પાપ - પુણ્ય - વગેરે વગેરેની વાતો કરવાની, શોખીન, પાર્ટીઓ રાજકારણમાં ખદબદી રહી છે. ભારતની રાજકીય પાર્ટીઓ એક ભયંકર માનસિક રોગથી પિડાઇ રહી છે - તેઓ ચુનાવી ઘોષણાને જ પોતાની સિધ્ધિઓ ગણી ચાલી રહી છે - અનાઉન્સમેન્ટને અચિવમેન્ટ માની રહી છે - ઇલેકશન મેનિફેસ્ટો પરનો ફ્યુચર ટેન્સ એ પાર્ટીઓ માટે પાસ્ટ ટેન્સ છે - એટલે તેને બહુ ચિંતા નથી. કોઇ પણ ન ગમતાં (અર્થાત્ પોતાનું હિત ન સાધતાં) નિર્ણય સામે "ગગનભેદી" સૂત્રોચ્ચાર કરવા, પૂતળાં બાળવા, રેલગાડીઓ રોકવી, હડતાલો કરાવવી, બંધ પડાવવા, ચેનલને ઘરે બોલાવી લોકશાહીનાં નામે ઇન્ટરવ્યુ આપવા - ઇત્યાદિ આ રોગનાં લક્ષણો છે. અરે! માય ડિયર ફ્રેન્ડ - દુકાનો બંધ કરવાથી કે ટ્રેનો રોકવાથી જ પેટ્રોલનાં ભાવ નીચે આવી જવાનાં હોત કે તમામ સમસ્યાઓનો હલ થઇ જવાનો હોત તો તો કોઇ પણ પ્રોબ્લેમ માટે ટ્રેન રોકવી બેસ્ટ ઓપ્શન - ચલો અમદાવાદમાં પાણી નથી - કાલુપુર જાઓ - મુંબઇમાં ગેસ નથી - વી.ટી. જાઓ - પછી તો રેલ્વેનું નવું જ સૂત્ર હોત - "રેલ કરે મેલ" ભારતીય રાજકારણી ખરેખર અદ્‌ભૂત પ્રાણી છે - જે મગજનાં રોગનો ઇલાજ પણ પેટ ચીરીને કરી શકે છે, "બડી પ્રગતિ કે દેશ મેં" નામના લેખમાં શરદ જોશી લખે છે - 'આઝાદી કે ઇન સેતીસ વર્ષો મેં હમારે દેશ મેં પડે બડે નેતા હુએ તો હમને છોટે છોટે નેતા પેદા કિએ, જિસ તરહ સૈતીસ વર્ષ બીતે હૈ, ઉસી તરફ સો વર્ષ બીતેગે, જૂઠ ઔર સચ્ચાઇ કા, આદર્શ ઔર રિશ્વત કા, સેવા ઔર નીજી લાભ કા, ચોરી ઔર દાન કા, જો કોકટેલ હમારે રાષ્ટ્રીય જીવન મેં તૈયાર કિયા હૈ - વહ ખૂબ મજે દેગા! ઇત્તેજાર કિજિએ.'

કોંગ્રેસ, ભાજપ, રાજદ, જ.દ, રા.કો.ચા, તૂ.કો, કો.પા.ઇ, દ્રમુક ઇત્યાદિ ઇત્યાદિ ફક્ત અલગ અલગ લેબલ છે - ભારતીય રાજકારણની અલગ - અલગ બ્રાન્ડ છે પણ દોસ્તો ભારતીય સંસ્કૃતિનાં પેલા સૂત્ર મુજબ અહીં પણ "વિવિધતામાં એકતા" છે... કેટલાં વર્ષોથી ભણો છો? ભૂલી ગયા ને...!! ખેર થઇ જાય પછી ભૂલી જવું એ આપણી રાષ્ટ્રીય આદત છે... અને દુર્ઘટનાનું આ ચક્ર ચાલતું રહેવાનું અને છેલ્લે ફરીથી શરદ જોશીની "સંશય કી રાત" માંથી એક લીટી -

"દુર્ઘટનાએ હોતી હૈ તો અફસોસ કરનેવાલા ભી ચાહિયે ન કુર્સી પર..." બોલો ભારત માતા... કી

-ch9723367947@yahoo.com

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૧૯મી ઓકટોબર**

● ગુજરાતના સાંસ્કૃતિક/સામાજિક જીવનમાં અગ્રણી ન્યાયાધીશ લાભશંકર દવેની પુણ્યતિથિ - ૧૯.૧૦. ૧૯૧૨.

નારદીપુરમાં જન્મેલાં શ્રી લાભશંકરજીએ કેળવણી, ન્યાયને સમાજ સુધારામાં નોંધપાત્ર યોગદાન આપ્યું.



● માનવ સમાજનું ઘડતર કરનારા, તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠના સ્થાપક ભારતના ગામડાંઓમાં જાગૃતિ લાવનારા મેગ્સેસે એવોર્ડ મેળવનાર દાદા પાડુરંગ આઠવલેનો જન્મ - ૧૯.૧૦.૧૯૨૦.



● બ્રિટિશ લેખક, પાદરી, થોમસ બ્રાઉનનો જન્મ - ૧૬૦૫.

● ગુજરાતી ભાષાના સાક્ષર - કેશવભાઇ હ. ધ્રુવનો જન્મ - ૧૮૫૯.

● ૧૯૧૫ - શરીરવિજ્ઞાન ઓષધ પરનું નોબેલ પારિતોષિક જીતનારા ડો. અર્લ સુધાર લેન્ડ હોર્મન્સનો જન્મદિન.

# યોકોવિચ કયા દેશના ટેનિશ ખેલાડી છે?

**વિષય : રમતજગત**

(૧) ગ્રેટર નોઇડા ખાતે યોજાયેલ 'ફોર્મ્યુલા વન' ચેમ્પિયનશીપમાં જે રેસિંગ ટ્રેક તૈયાર કરવામાં આવ્યો હતો તેનું નામ શું?
(અ) એક-૧ સર્કિટ (બ) બુધ્ધ સર્કિટ
(ક) પ્રિક્સ-એ સર્કિટ (ડ) વન-એ સર્કિટ
(૨) 'ફોર્મ્યુલા વન' રેસિંગ ચેમ્પિયનશીપનો ટોપ રેસર કોણ હતો?
(અ) નારાયણન કાર્તિકેયન (બ) સેબેસ્ટિયન વેટલ
(ક) શુમાકર (ડ) જેનેસન બટન
(૩) 'ફોર્મ્યુલા વન' સાથે સંકળાયેલા શબ્દ એફ.આઇ.એ.નું પૂરૂં નામ છે?
(અ) ફ્રાન્સ ઈન્ટરનેશનલ ઓટોમોબાઈલ્સ
(બ) ફોર્મ્યુલા ઑફ ઈન્ટરનેશનલ ઓટોમાઈલ્સ
(ક) ફેડરેશન ઑફ ઈન્ડરનેશનલ ઓટોમોબાઈલ્સ
(ડ) ફેડરેશન ઑફ ફોર્મ્યુલાવન ઈન્ટરનેશનલ
(૪) યોકોવિચ કયા દેશના ટેનિશ ખેલાડી છે?
(અ) જર્મની (બ) યુ.એસ.એ. (ક) રશિયા (ડ) સર્બિયા
(૫) 'સંતોષ ટ્રોફી' કઇ રમત માટે આપવામાં આવે છે?
(અ) ફૂટબોલ (બ) હૉકી (ક) ગોલ્ફ (ડ) ક્રિકેટ
(૬) ક્રિકેટનો પ્રથમ વર્લ્ડકપ કયા વર્ષમાં રમાયો હતો?
(અ) ૧૯૭૦ (બ) ૧૯૭૨ (ક) ૧૯૭૫ (ડ) ૧૯૭૯
(૭) કયા ક્રિકેટરની અર્ધમહાસદી ટેસ્ટ ક્રિકેટમાં પુરી થઇ છે?
(અ) જેક્સ કાલીસ (બ) રીકી પોન્ટીંગ
(ક) ડૉન બ્રેડમેન (ડ) સચિન તેન્ડુલકર
(૮) આઇ.પી.એલ-૫ ના ચેરમેન નીચેનામાંથી કોણ છે?
(અ) રાજીવ શુક્લા (બ) નિરંજન શાહ (ક) શરદ પવાર (ડ) શ્રીનિવાસન
(૯) ટેસ્ટ કારકિર્દીમાં ડોન બ્રેડમેનની એવરેજ પછી એવરેજની દૃષ્ટિએ બીજા ક્રમે કયો ટેસ્ટ ક્રિકેટર આવે છે?
(અ) રીકી પોન્ટીંગ (બ) જેક્સ કાલીસ
(ક) ગ્રીમ પૉલોક (ડ) સચિન
(૧૦) ટેસ્ટ ક્રિકેટમાં કયા બોલરે ૮૦૦ વિકેટો લીધી છે?
(અ) શેન વોર્ન (બ) અનિલ કુમ્બલે
(ક) મુથૈયા મુરલીધરન (ડ) ગ્લેન મેકગ્રા
(૧૧) 'નૉબેલ પ્રાઇઝ' મેળવનાર એક માત્ર ઓલિમ્પિક ખેલાડી કોણ?
(અ) મેસી (બ) મારાડોના
(ક) પેલે (ડ) ફિલીપ. જે. નિઓલ
(૧૨) ડોન બ્રેડમેન સામે 'બૉડી લાઇન' બોલિંગનો પ્રયોગ કરનાર કેપ્ટન કોણ?
(અ) ડગલાસી જાર્ડી (બ) ગેરી સોબર્સ
(ક) હેરોલ્ડ લારવુડ (ડ) ગ્રીમ પોલોક
(૧૩) મૅલબોર્ન ગ્રાઉન્ડ ખાતે હાલમાં જે ખેલાડીનું સ્ટેચ્યુ મુકવામાં આવ્યું હતું, તે કોણ?
(અ) ડૉન બ્રેડમેન (બ) એલન બોર્ડર (ક) શૅન વોર્ન (ડ) ગ્લેન મેકગ્રા
(૧૪) ક્રિકેટર યુવરાજ સિંઘને શરીરના કયા અવયવમાં 'જર્મ સેલ' કેન્સર હોવાનું નિદાન થયું છે?
(અ) લીવર (બ) બ્રેઇન (ક) આંતરડા (ડ) ફેફસાં
(૧૫) સતત ત્રીજા વર્ષે ફિફા પ્લેયર ઑફ ધ ઇયરનો એવોર્ડ કોને એનાયત કરાયો છે?
(અ) રોલાન્ડો (બ) રિવાલ્ડો (ક) કસાવી (ડ) લાયોનસ મેસી




**● વિવિધા ●**

**વિષય :- વિશિષ્ટ પ્રતિભાઓ**
**નામ, ક્ષેત્ર અને વિશિષ્ટ નોંધ**

- મણીલાલ દેસાઇ (**સમાજસેવા**) : મેગ્સેસે એવોર્ડ વિજેતા
- મણીલાલ ન. દ્વિવેદી (**સાહિત્ય**) : તત્ત્વદર્શી નિબંધકાર
- મધુસૂદન ઢાંકી (**સ્થાપત્ય**) : મંદિર સ્થાપત્ય તજજ્ઞ
- મહાદેવ દેસાઇ (**ત્યાગ અને સેવા**) : મહાત્મા ગાંધીના રહસ્ય મંત્રી
- મંગલદાસ ગિરધરદાસ (**ઉદ્યોગ**) : ઉદ્યોગપતિ
- માણેકલાલ સી. ઠાકર : (**વિજ્ઞાન**) : નિયામક, રામન ઇન્સ્ટીટ્યુટ
- માણેકશા (જનરલ) (**સંરક્ષણ**) : પૂર્વ સરસેનાપતિ
- મુનિ જિનવિજયજી (**સંશોધન**) : સાહિત્ય અને પુરાતત્ત્વના સંશોધક
- મુનિ સંતલાલજી (**સમાજ**) : ગાંધીવાદી જૈનમુનિ
- મૃદુલા સારાભાઇ (**સમાજસેવા**) : જ્યોતિસંઘના સ્થાપક
- મેઘજી પેથરાજ શાહ (**ઉદ્યોગ**) : દાનવીર ઉદ્યોગપતિ
- મેઘનાથ દેસાઇ (**અર્થકારણ**) : ઇંગ્લેન્ડની ઉમરાવ સભાનાં પૂર્વસદસ્ય
- મોરારજી દેસાઇ (**રાજકારણ**) : પૂર્વ વડાપ્રધાન
- મોહન બાલાજી (**નાટ્યકલા**) : પૂર્વ વડાપ્રધાન
- યશોધરા મહેતા (**સાહિત્ય**) : સાહિત્ય સર્જક

**● ગયા સપ્તાહનો સવાલ...?**

સવાલ - શ્રી ગોરધનભાઇ ઝડફીયાની કઇ પાર્ટીનું ગુજરાત પરિવર્તન પાર્ટીમાં વિલીનીકરણ થઇ ગયું?
જવાબ - મહાગુજરાત જનતા પાર્ટી

**● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-**

(૧) ગોમતીબેન કનુભાઇ પરમાર : ૧૭૫૭/૨, સે-૭ડી
(૨) નટુભાઇ દરજી : પેથાપુર
(૩) મૂળજીભાઇ પરમાર 'દધિ' : ૫૫૩/૧, સે-૭બી
(૪) જયેન્દ્રપ્રસાદ પાઠક : સે-૩૦
(૫) રેખા એમ. જાદવ : સે-૩૦
(૬) પટેલ ગૌરાંગ ડી : સે-૨૯

**● પૂછું એક સવાલ...?**

(૧) વિશ્મય બી. પ્રજાપતિ : સે-૨૯થી
પ્રશ્ન - અરવિંદ આશ્રમ કયાં આવેલો છે?
જવાબ - પોંડીચેરી
(૨) ધ્રુવ એમ. પટેલ : ૨૫થી
પ્રશ્ન - વિશ્વની પ્રથમ વિજ્ઞાનની યુનિવર્સિટી કયાં બની હતી?
જવાબ - ૧૭૭૯માં ગ્લાસલો સીટી - સ્કૉટલેન્ડ
(૩) ઋત્વિક એલ. શાહ : સે-૩થી
પ્રશ્ન - હેવી ઇલેક્ટ્રીકલ લિમીટેડ કંપની કયાં આવેલી છે?
જવાબ - ભોપાલ
(૪) પરમાર પલ્લવી એચ. : સે-૧૭થી
પ્રશ્ન - આંતર ભારતીની સ્થાપના કોણે કરી હતી?
જવાબ - સાનેગુરૂજી

(અનુસંધાન પાના નં. ૬ પર)

**હોંશિલો એક છોકરો**

એક હતો છોકરો. એને ભણવાનું ખૂબ ગમે
નિશાળે સમયસર પહોંચે, પહોંચે ને પહોંચે.
ઠંડી કે ગરમી
વરસાદ હોય કે વાવાઝોડું
એ નિશાળે સમસસર જાય અને ચીવટથી ભણે.

એ છોકરો સાતમા ધોરણમાં સારા ગુણ મેળવીને પાસ થયો. ઉત્તરપ્રદેશમાંના એના ગામ મુગસરાયમાં હાઇસ્કૂલ ન હતી. એને તો હજુ આગળ ભણવું હતું. હવે શું કરવું?

મુગલસરાયથી દસેક કિલોમીટર દૂર બનારસ શહેર. એ શહેરમાં હાઇસ્કૂલ હતી : હરિશ્ચંદ્ર હાઇસ્કૂલ.




હોંશિલો એ છોકરો મુગલસરાયથી બનારસ ચાલીને ભણવા જતો. જતાં વળતાંનાં ભેગા મળી વીસ કિલોમીટર ચાલતાં એ થાકે નહીં.

મુગલસરાય અને બનાવસ શહેર વચ્ચે ગંગા નદી વહે છે. આવતાં જતાં એ નદી પાર કરવા હોળીમાં બેસવું પડે. અને નાવિકને ભાડું પણ આપવું પડે. ચાલવાના પૈસા ખરચવા ના પડે પણ હોડીવાળાને તો પૈસા આપવા જ પડે.

આ ગરીબ છોકરા પાસે નાવિકને આપવા માટે ઘણી વખત પૈસા ના હોય, પૈસા ન હોય તો નાવિક હોડીમાં બેસાડે નહીં. આટલા કારણસર ભણવાનું બંધ કરવાનું આ છોકરાને ગમે નહીં.

એટલે એણે નદી તરીને જવાનો નિર્ણય કર્યો. ખમીસ ઉતારી તેમાં પુસ્તકો બાંધીને, નદીમાં ઉતરીને તરવા માંડ્યું. અને સમયસર પહોંચી ગયો. બનારસથી મુગલસરાય પહોંચવા પણ એ છોકરો તને ને ચાલે. આમ કરીને નિશાળે અને ઘેર પણ સમયસર પહોંચે.

એ છોકરો ચાલીને અને તરીને પૈસા બચાવે, ચીવટથી ભણે, ઘેર પણ વાંચે ને લખે પછી ભાઇબંધો સાથે રમે.

આ ભણેશરી છોકરાએ હાઇસ્કૂલનું શિક્ષણ પૂરું કરીને છેવટે "શાસ્ત્રી"ની પદવી મેળવી. આગળ જતાં એ ભારતનાં વડાપ્રધાન પણ થયા.

આજે એ લાલબહાદુર શાસ્ત્રીને આખું ભારત ખૂબ માનથી સંભાળે છે અને વંદન કરે છે.

**નજરની કસોટી : સ્નાન - રસિયા કૂકૂભાઇ**

આ કૂકૂભાઈ નહાવાના રસિયા છે. શેઠાણી જરાક બહાર ગયાં ત્યાં તો પોતે પેઠા બાથરૂમમાં. ત્યાં નળ ચાલુ કર્યો અને ખળખળ વહેતા પાણી નીચે પોતે નહાવા લાગ્યા... આ પ્રસંગનાં આ બે મિત્રો વચ્ચે ઓછામાં ઓછાં છ ફરક છે. ત્રણ મિનિટમાં શોધી આપો.





**બાળ મિત્રો,**

તમે જાણો છો કે દરેક વ્યક્તિની અભ્યાસ કરવાની રીત અલગ અલગ હોય. તથા દરેક વ્યક્તિ દિવસના અમુક ભાગમાં વધારે શક્તિ અનુભવે છે અને ધ્યાનપૂર્વક ભણી શકે છે. તમે તમારો સમય શોધી કાઢીને તેનો પૂરો સમય શોધી કાઢીને તેનો પૂરો કરો. 'મૂડ' આવે ત્યારે જ વાંચવું કે 'આળસ' કરવી પાલવે નહીં.

તમે ધ્યાનથી વાંચી શકો તે માટે આવતા અવરોધોને રોકો જેમ કે,

(૧) હિંચકાનાં કડામાંથી અવાજ આવતો હોય તો તેમાં તેલ પૂરવાથી અવાજ બંધ કરી શકાય. આના માટે ફરિયાદ કર્યા કરતાં આળશ છોડી ઉપયોગ કરવો.

(૨) નવરાત્રીના કારણે અવજાો / ઘોંઘાટ લાગતા હોય તો પ્રયત્નપૂર્વક મગજ શાંત કરી અભ્યાસ કરો.

(૩) એકાગ્રતા વધારવા માનસિક કસરત કરો. આંખો બંધ કરી એકથી પાંચ ગણો. પછી ૧ થી ૧૦ સુધી ગણો. આ રીતે એકાગ્રતા વધશે.

ટૂંકમાં સંજોગો પ્રતિકૂળ હોય તો પણ મન પરોવી વાંચવાની ટેવ પાડવી જરૂરી છે. તેનાથી સફળતા મેળવી શકાય.